# ગાંધીનગર શહેરમાં તોડાયેલા આવાસોના કાટમાળથી વધતી ગંદકી

## શહેરમાં જૂના-નવા આવાસો તુટવાના કારણે કાટમાળના ઢગલા જાહેરમાં ગંદકીના દૃશ્યો ઉભા કરી રહ્યા છે

ગાંધીનગર, તા. ૨૨

ઝડપથી વિકસી રહેલા ન્યુ ગાંધીનગરમાં હાલના સમયે નવા-જુના કાટમાળ પડી રહેવાની સમસ્યાઓ સર્જાઈ છે. કાટમાળના કારણે શહેરમાં ઠેક-ઠેકાણે ગંદકીના દૃશ્યો સર્જાયા છે. લોકો અહીં અન્ય કચરો પણ નાખી દેતા હોય છે. જેમાં સેક્ટર-૨૨માં કાટમાળનો કચરો પડી રહેતા સૌથી વધુ ગંદકીના દૃશ્યો અહીંયા સર્જાઈ રહ્યા છે. ન્યૂ ગાંધીનગર વિસ્તારમાં હાલમાં મોટાપાયે બાંધકામ સાઈટ ચાલી રહી છે. જેને પગલે અનેક સ્થળે કાટમાળ પડી રહ્યા છે. જેની સાથે અન્ય કચરો પણ નખાતા મચ્છરોનો પણ ઉપદ્રવ વધી ગયો છે. ત્યારે રહીશો દ્વારા વહેલી તકે આ વિસ્તારમાં કચરો હટાવવાની પ્રક્રિયા હાથ ધરાય તેવી રહીશોની લાગણી છે.

જૂના આવાસો તોડવાના કારણે ધૂળની ડમરીઓ વાતાવરણમાં ફેલાય છે. જેના કારણે આસપાસ રહેતા રહીશોને ગળા અને ફેફસાંની તકલીફો વધી રહી છે. આ સાથે જ કાટમાળમાં ગંદકી વધતા શહેરમાં મેલેરિયા, ડેન્ગ્યુ જેવા રોગો વધી રહ્યા છે. ઘન કચરો આવી બીમારીઓ ફેલાવવામાં ઘણો મોટો ફાળો આપે છે. ઘન કચરાને કારણે જ શહેરમાં આરોગ્ય માટે ખતરારૂપ એવા ઝેરી ગેસ રસાયણો તથા જીવાણુઓ ઉત્પન્ન થાય છે. ગાંધીનગરમાં વધતા જતા વિકાસના સામે ગંદકીની સમસ્યાઓ વધવા પામી છે. જૂના આવાસોને તોડીને જાહેરમાં જ તેનો કાટમાળનો ઢગલો કરી દેવાતા લાંબા સમય સુધી તે કાટમાળ તે જ સ્થળ પર પડી રહેલો જોવા મળી રહ્યો છે. જેની નિકાલની કામગીરી કરવામાં આવી રહી નથી. તેથી જ્યાં સુધી કોઈ વ્યક્તિ આ બાબતે ફરિયાદો ન કરે ત્યાં સુધી ગંદકી અને કાટમાળના ઢગલા પડી રહેલા જોવા મળે છે. એટલે કે જવાબદાર તંત્ર આ ઢગલાઓ અને ગંદકી દૂર કરવા માટે આંખ આડા કાન કરી રહ્યુ છે. ગંદકીના કારણે શહેરીજનો મચ્છરજન્ય રોગચાળો ફેલાય તેની ભીતિમાં છે. જો કે હાલમાં મચ્છરજન્ય રોગો પણ વધવા પામ્યા છે. હોસ્પિટલોમાં દર્દીઓની લાઈનો જોવા મળી રહી છે.

# ગણપતપુરા પ્રાથમિક શાળાના બાળકોએ ગણિત-વિજ્ઞાન પ્રદર્શનની મુલાકાત લીધી



ગાંધીનગર, તા.૨૨

કલોલ તાલુકાના ગણપતપુરા પ્રાથમિક શાળાના બાળકોએ સીઆરસી કક્ષાના ગણિત વિજ્ઞાન પ્રદર્શનની મુલાકાત લીધી હતી અને બાળ વૈજ્ઞાનિકો દ્વારા વિજ્ઞાનની જે કૃતિઓ બનાવવામાં આવી હતી તે નિહાળી તેમાં સીઆરસી કોર્ડીનેટર ભોયણ મોટી મુકેશભાઈ ભુરીયાએ વિજ્ઞાન મેળા વિશે સમજ આપી હતી અને ખુશાલભાઈ બારોટ ગણેશપુરા પ્રાથમિક શાળાના શિક્ષકે માર્ગદર્શકની ભૂમિકા ભજવી હતી.

# મતદારોને રીઝવવા કોંગ્રેસના ઉમેદવારનો ડોર-ટુ-ડોર પ્રચાર



ગાંધીનગર,તા. ૨૨

ગાંધીનગર ઉતર વિધાનસભાના ઉમેદવાર વિરેન્દ્રસિંહ વાઘેલા અને કાર્યકરો દ્વારા મતદારોને રીઝવવા માટે ડોર-ટુ-ડોર પ્રચાર અભિયાન વેગવાન બનાવાયું છે. કોંગ્રેસના ઉમેદવાર દ્વારા સેકટર-૧૧, ન્યાય મંદિર તેમજ સેકટર-૧૨ માં પ્રચાર કરવામાં આવ્યો હતો. જયારે કોંગ્રેસના ઉમેદવારને હાથ પહેરાવી નાગરીકોએ ઉમળકાભેર સ્વાગત કર્યું હતું. ગણતરીના દિવસોમાં વધુ મતદારો સુધી પહોંચવા માટે ઉમેદવારો સવાર થી સાંજ સુધી પ્રચારમાં જોડાયેલા રહે છે.જયારે ન્યાયમંદિર પાસે વકીલ મિત્રો દ્વારા કોંગ્રેસના ઉમેદવારનું સ્વાગત કરવામાં આવ્યું હતું. જયારે મોટીસંખ્યામાં કાર્યકરો ઢોલ નગારા અને ગાડીઓના કાફલા સાથે ઉમેદવાર પ્રચાર-પ્રસાર કરી રહ્યા છે.ત્યારે શહેરની બેઠક પર ત્રિપાંખીયો જંગ જામતા ઠંડની સિઝનમાં પણ રાજકીય ગરમાવો જામ્યો છે.

# ગજાનન સેવા સમિતિ દ્વારા દહેગામમાં અનાજ વિતરણ કરાયું



ગાંધીનગર તા. ૨૨

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા રવિવારે દહેગામ તાલુકાના દેવકરણના મુવાડામાં કુલ ત્રણ ગામોની ૭૮ મહિલા લાભાર્થીઓને ત્રણ કિલો ચોખાનું વિતરણ કરવામાં આવ્યું હતું. બાળકોને બિસ્કીટ તથા દફતર પણ આપવામાં આવ્યા હતા. ૭ લાભાર્થીઓને નવા ચંપલ સમિતિ તરફથી અતુલ પંડયા, મિલીન્દભાઈ, જયેષ્ઠા પંડયા હાજર રહયા હતા. ચોખા ડો.સુરેશભાઈ શાહ પાસેથી પ્રાપ્ત થયા હતા.

# રોટરી કલબના પ્રમુખ જગદીશભાઈએ વૃધ્ધાશ્રમમાં જન્મ દિવસ ઉજવ્યો



ચિલોડા રોટરી કલબ ગાંધીનગરના પ્રમુખ ડો.જગદીશભાઈ પટેલના જન્મ દિવસ નિમિત્તે રાહેલબા વૃદ્ધાશ્રમમાં એક દિવસનુ ભોજનની કીટ આપી તેમજ ચિલોડા ચાર આંગણવાડીના બાળકોને નાસ્તાના સ્ટીલના નાના ૭૫ ડબ્બા ભેટ આપી હતી. આ પ્રસંગે ડો.જગદીશભાઈ પટેલ અને પીએલવી નટુભાઈનો સહયોગી બન્યા હતા અને મગોડી રાહેલબા વૃધ્ધાશ્રમમાં ઓઢવ ભજન મંડળ દ્વારા વડીલોની સાથે ભજન સત્સંગ કાર્યકમ માણી ડો .જગદીશભાઈ ભાઈને ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવી હતી જેમાં સંસ્થાના નિર્મલા બેન તથા યશવંતસિંહ ઝાલાએ સર્વેનો આભાર માન્યો હતો.



૩૪ વિધાનસભા ના ચુંટણી પ્રચાર માટે છત્તીગઢથી આવેલા પ્રવક્તા પૂજાબેન, ગુજરાત પ્રદેશ મહિલા પ્રભારી ચંદ્રિકાબેન લિંબચિયા, પ્રમુખ આનંદીબેન પટેલ, ૩૪ વિધાનસભાના સંયોજક ગીતાબેન ઠાકોર, સહ સંયોજક હેમાબેન શાહ, ગાંધીનગર જિલ્લા સંગઠનના ઉપપ્રમુખ ગીતાબેન રાઠોડ, કારોબારી સદસ્ય મનીષાબેન શાહ, તાલુકા ડેલીગેટ સોનલબેન પટેલ, દહેગામ શહેર મહિલા મોરચા પ્રમુખ ધનલક્ષ્મીબેન પટેલ, ઉપ પ્રમુખ આશાબેન મીર, ઉપપ્રમુખ જશોદાબેન પ્રજાપતિ, મહામંત્રી દર્શનાબા રાજપૂત, મંત્રી પરવીન બાનું, કોષાધ્યક્ષ જાનવીબેન મહેતા દહેગામ શહેરના રખિયાલ ગામમાં જઈ પ્રવક્તા પૂજાબેન મહિલાઓને ચુંટણી વિશે માહિતી, મહિલાઓની યોજના તથા છત્તીસગઢ તથા ગુજરાત વિશેની મહિલાના સશક્તીકરણ વિશેની માહિતી પૂર્ણ પાડી હતી.

# ચૂંટણીના પગલે બજારમાં રૂપિયા ફરતા થયા

## રસાકસીભરી જંગમાં ઉમેદવારો દ્વારા બેઠક દીઠ કરોડોના ખર્ચની ચર્ચા : સામાન્ય ડેકોરેટર્સ, કેટરર્સવાળાઓને મોટા ઓડર્સ મળ્યા : મંદીની અસર ઓછી થઈ

ગાંધીનગર, તા. ૨૨

વિધાનસભાની ચૂંટણીનો ધમધમાટ જોરશોરથી ચાલી રહ્યો છે. ચૂંટણીઓ નજીક આવતા જ રાજકીય ગરમાવો છવાયો છે. પક્ષો દ્વારા મસમોટો ખર્ચ કરી ચૂંટણી પ્રચાર કરવામાં આવી રહ્યો છે. કોણ જીતશે એ ઉત્તેજના તો સૌને છે જ પરંતુ આ બધાની વચ્ચે બજારમાં કરોડો રૂપિયા ફરતા થયા છે. કોરોનાકાળમાં એકદમ ઠપ્પ થઈ ગયેલા ધંધા રોજગારમાં જોરદાર તેજી આવી ગઈ છે. મંડપ ડેકોરેટર્સવાળાથી માંડીને ગાડીઓ ભાડે આપનારાઓના ધંધા જોરદાર ચાલી રહ્યા છે.

વિધાનસભાની ચૂંટણીઓ જાહેર થતા જ રાજકીય ગતિવિધિઓ એકદમ તેજ બની ગઈ છે. રાજકીય ધમધમાટ જોવા મળી રહ્યો છે. સોશીયલ મીડિયાથી લઈને પ્રિન્ટ મીડિયા અને લોકમુખે પણ ચૂંટણીની જ ચર્ચાઓ ચાલી રહી છે. ત્રણેય મોટા રાજકીય પક્ષો પોત પોતાના ઉમેદવારોને જીતાડવા માટે એડી ચોટીનું જોર લગાવી રહ્યા છે. સ્ટાર પ્રચારકો અને મહાનુભાવોની અવરજવર વધી ગઈ છે. ઠેર ઠેર જાહેર સભાઓ, રોડ શૉ, ડોર ટુ ડોર ચૂંટણી પ્રચાર, ખાટલા બેઠકો અને સામાજિક બેઠકો શરૂ થઈ ચૂકી છે. ચૂંટણી પ્રચારના ઝાકઝમાળ વચ્ચે બજારમાં કરોડો રૂપિયા ફરતા થતાં મોંઘવારી અને મંદીમાં પીસાતી જનતાને થોડીક રાહત મળી છે. ખાસ કરીને મંડપ ડેકોરેટર્સ અને કેટરર્સવાળાઓને ચાંદી જ ચાંદી થઈ ગઈ છે. એક એવો અંદાજ છે કે એક બેઠક પર એક ઉમેદવાર પાંચ કરોડનો ખર્ચ કરે છે. આમ ત્રણેય પક્ષોના ઉમેદવારો પંદર કરોડનો ખર્ચ કરે છે. અન્ય ઉમેદવારોનો બીજો પાંચ કરોડનો ખર્ચ ગણીએ તો એક બેઠક પર વીસ કરોડના ખર્ચનો અંદાજ બેસે. રાજ્યની ૧૮૨ બેઠકો પર આવી રીતે સરેરાશ ચાર હજાર કરોડનો ખર્ચ ઉમેદવારો કરવાના હોય તો સ્વાભાવિક છે એ પૈસા બજારમાં ફરતો થાય. કોરોના સમયમાં સતત બે વર્ષ સુધી મંદીનો ઓછાયો રહ્યો. લગ્નો સહિત તમામ સામાજિક કાર્યો બંધ હોવાથી મંડપ-ડેકોરેટર્સવાળાઓને ખુબ નુકશાન સહન કરવુ પડ્યું. પરંતુ ચૂંટણીના ધમધમાટ વચ્ચે એમનો વ્યવસાય પુનઃ ધમધમતો થયો છે. સામાન્ય ચા-નાસ્તાની લારીઓ પર પણ રીતસર તડાકો પડે છે. બેનર્સ, પોસ્ટર્સ અને પ્રિન્ટર્સને સારો વકરો છે. ઉમેદવારોના પ્રચાર પ્રસારમાં ગાડીઓ ભાડે આપનારાઓ પણ આજકાલ ખુશખુશાલ છે. મોં માંગ્યા દામે તેમની ગાડીઓ ચૂંટણી પ્રચારમાં ભાડે ફરી રહી છે. ચૂંટણીના કારણે હાલમાં તો મંદીનો ઓછાયો ગુજરાતથી દૂર લાગી રહ્યો છે.

# ગાંધીનગર સમર્પણ પબ્લિક સ્કુલના શ્લોક ચૌહાણને ફાઈટ ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ




ગાંધીનગર, તા.૨૨

નવેમ્બર ૨૦૨૨ માં દેહરાદૂન, ઉત્તરાખંડ ખાતે સાતમી થાઈ કિક બોક્સિંગ નેશનલ ટુર્નામેન્ટ યોજાઈ હતી. જેમાં ગુજરાત, દિલ્હી, મહારાષ્ટ્ર, ઉત્તરાખંડ, હરિયાણા, યુ પી વગેરે રાજ્યોની ટીમ આવી હતી. જેમાં ગુજરાતના ૯૦ ખેલાડીઓએ ભાગ લીધો હતો. સમર્પણ પબ્લિક સ્કૂલના ૧૨માં અભ્યાસ કરતા શ્લોક ચૌહાણે પણ ભાગ લીધો હતો. આ નેશનલ ટુર્નામેન્ટમાં શ્લોક ચૌહાણે યુનીવર્સલ સ્પોર્ટસ એકેડેમીના કોચ હાર્દિક રાઠોડના નેતૃત્વ હેઠળ ફાઈટ ઈવેન્ટમાં પ્રથમ સ્થાન મેળવીને ગોલ્ડ મેડલ જીત્યા છે અને ઓલ ઓવર ઈન્ડિયામાં જુનિયર કેટેગરીમાં ગુજરાત રાજ્યનો ત્રીજો સ્થાન પ્રાપ્ત થયેલ છે. તદઉપરાંત શ્લોક ચૌહાણે નેશનલ થાઈ કિક બોક્સિંગ ટુર્નામેન્ટમાં સબ જુનિયર અને જુનિયર કેટેગરીમાં રેફ્રીશિપ પણ કરી હતી જેના બદલ તેમને થાઈ કિક બોક્સિંગ ઈન્ડિયા બોડી દ્વારા મોમેંટો આપીને સન્માનિત કરવામાં આવ્યા હતાં.

# શેરથા કટ પાસેથી ઝાયલો કારમાંથી દારૂની ૮૨૭ બોટલ ઝડપાઈ

## પોલીસે રૂ.૪.૪૫ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો

ગાંધીનગર, તા.૨૨

આજે વહેલી સવારે અમદાવાદ-મહેસાણા હાઈ વે પર શેરથા કટ પાસે થી વિદેશી દારૂ ભરેલી ઝાયલો ગાડી બાતમીને પગલે પોલીસે પકડી પાડી હતી. ગાડીમાંથી વિદેશી દારૂની નાની મોટી બોટલ ૮૨૭ તેમજ ગાડી, મોબાઈલ સહિત એક શખ્સ પકડી પાડી કુલ રૂ.૪.૪૫ લાખનો મુદામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અડાલજ પોલીસ મથકના સ્ટાફના જવાનો પેટ્રોલીંગમાં હતા. તે સમયે શરેથા કટ પાસે આવતા પોલીસને બાતમી મળી હતી કે એક સફેદ કલરની મહીન્દ્રા ઝાયલો કાર જી.જે.૨૭.સી.૦૬૭૬ માં ગેરકાયદેસર વિદેશીદારૂ ભરીને મહેસાણા થી અમદાવાદ તરફ જવાની છે. જેને પગલે પોલીસે શેરથા કટ પાસે વોચ ગોઠવી દીધી હતી. તે દરમિયાન બાતમીવાળી ગાડી આવતા પોલીસે કોર્ડન કરી રોકી પાડી હતી. ત્યારબાદ ડ્રાઈવીંગ સીટ પર બેઠેલા ડ્રાઈવર નું નામ પુછતા તેણે અહેમદહુસેન નજમલહુસેન કુરેશી (રહે. માલવી ભવન નં.૧૮ રહેમાની સ્ટ્રીટ અલમદીના ફેલટની સામે શાહપુર) હોવાનું જણાવ્યું હતું. ઝાયલો ગાડીની પાછળની સીટમાં તેમજ ડેકીમાંથી વિદેશી દારૂની ૧૫ પેટીઓ મળી આવી હતી. તે ઉપરાતં અન્ય ૪ પેટી મળી આવી હતી.જેમાં દારુની નાની મોટી મળી કુલ-૮૨૭ બોટલ મળી આવી હતી. પોલીસે દારૂની બોટલ નંગ-૮૨૭ કિં.રૂ.૧.૪૧,૧૯૨, ઝાયલો કાર કિં.૩ લાખ, મોબાઈલ કિં.૩ હજાર મળી કુલ રૂ.૪.૪૫.૧૯૨ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.જયારે ડ્રાઈવરને આ દારૂનો જથ્થો કોને આપવાનો હતો તેમ પુછતા તેણે જુહાપુરાના મુન્નાવર ઠુઠ્ઠાને આપવાનો હતો તેમ જણાવ્યું હતું. પોલીસે કાર સાથે દારૂનો જથ્થો કબ્જે કરી ડ્રાઈવર તેમજ મુન્નાવર ઠુઠ્ઠા સામે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# શહેરમાં ભર શિયાળે ચૂંટણીનો વધતો ગરમાવો

## ત્રણેય પાર્ટીઓના મુખ્ય કાર્યાલયો શરૂ કરાયા : જેમ જેમ ચૂંટણી નજીક આવી રહી છે તેમ તેમ પ્રચારમાં ગરમાવો વધી રહ્યો છે

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગરમાં વિધાનસભાની ચૂંટણીને પગલે ઉમેદવારો દ્વારા તડામાર ચૂંટણીનો પ્રચાર શરૂ કરી દેવાયો છે. આ સાથે જ સમગ્ર ગાંધીનગરની જનતા ચૂંટણીના માહોલમાં વર્તાઈ રહી છે. જ્યાં જુઓ ત્યાં બસ ચૂંટણીની વાતો ચાલી રહી છે. ત્રણેય પક્ષોમાં ઉમેદવારો એડીચોટીનું જોર લગાવીને ઠેક ઠેકાણે મતદારોને આકર્ષવા માટે પ્રયાસો કરી રહ્યા છે. ગલીએ ગલીએ સોસાયટીએ સોસાયટીએ ચૂંટણીના પડધમ સંભળાઈ રહ્યા છે. ત્યારે ગાંધીનગર ઉત્તર વિધાનસભાના આમ આદમી પાર્ટીના ઉમેદવાર મુકેશભાઈ પટેલ દ્વારા સેક્ટર-૨૪, ૧૭, ૩૦ ખાતે જંગી પ્રચાર ગઈકાલે કરવામાં આવ્યો હતો. ઉત્તર વિધાનસભાના ઉમેદવાર વિરેન્દ્રસિંહ વાઘેલાના કાર્યાલયનું ઓપનીંગ નિશિથ વ્યાસે ગઈકાલે કર્યુ હતુ. ચૂંટણીને પગલે ત્રણેય પાર્ટી દ્વારા કાર્યાલયો શરૂ કરાયા છે. જેમાં ભારતીય જનતા પાર્ટીનું કાર્યાલય સેક્ટર-૧૬ પાટનગર ભવન ખાતે ખુલ્લું મુકાયું છે. જ્યારે કોંગ્રેસ પાર્ટીનું કાર્યાલય ઘ-૬ થી કોલવડા તરફ જતા ક્વોલિટી રસ પાસે આરાધનાની સામે કાર્યરત કરાયુ છે. તથા આમ આદમી પાર્ટી દ્વારા સેક્ટર-૧૧ ખાતે વિજય કોમ્પલેક્ષ નીચે કાર્યાલય શરૂ કરવામાં આવ્યુ છે. આમ ત્રણેય પાર્ટીના મુખ્ય કાર્યાલયો શહેરમાં હવે ધમધમશે. સવારથી મોડી રાત કાર્યાલયોમાં કાર્યકરોની જમાવટ જોવા મળશે. જેમાં નાસ્તાઓની પણ વ્યવસ્થા કરવામાં આવી રહી છે. એટલે કે હવેથી શહેરમાં ચૂંટણીના પ્રચારોમાં વધુ જોર અને ધમધમાટ જોવા મળશે. શહેરમાં ચૂંટણીનો અસલી ગરમાવો જોવા મળશે. ઠેર-ઠેર ત્રણેય પાર્ટીના ઉમેદવારો દ્વારા મતદારોને આકર્ષવાના ખૂબ પ્રયાસો થઈ રહ્યા છે. શહેરમાં તાજેતરમાં ચારેય તરફ ચૂંટણીના પ્રચારો જ જોવા મળી રહ્યા છે. લાઉડસ્પીકરો દ્વારા રીક્ષાઓ અને ગાડીઓમાં ચૂંટણી પ્રચારો કરવામાં આવી રહ્યા છે. હવે ચૂંટણી જેમ જેમ નજીક આવી રહી છે તેમ તેમ શહેરમાં ચૂંટણીનો ગરમાવો વધી રહ્યો છે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ટચૂકડી જાહેર ખબર દર ગુરૂવારે અને રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧